Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, B.Com. Programme માં Foundation Course ની ક્રેડિટ સીબીસીએસ સ્ટ્રકચર મુજબ કરવા અંગે વાણિજય વિદ્યાશાખાએ તેની તા. ૨૮–૦૧–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩/૦૨/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૬ અન્વયે મંજૂર કરેલ હોય તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી. ત ઉપરાંત તેનો અમલ કરવો.

<u>વાણિજય વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

બી.કોમ. પ્રોગ્રામના હાલના ક્રેડીટ સ્ટ્રકચર અને રાજય સરકાર ધ્વારા નિર્ધારિત થયેલા ક્રેડિટ સ્ટ્રકચરમાં ફાઉન્ડેશન કોર્ષની ક્રેડિટમાં અસમાનતા છે તે વર્ષ ૨૦૧૫–૧૬ થી દૂર કરવા એટલે કે બી.કોમ. પ્રોગ્રામના બધા સેમેસ્ટરમાં અંગ્રેજી વિષયના કોર્ષની ક્રેડીટ ૨ રાખવા તથા એફ.વાય.બી.કોમ.ના સેમીસ્ટર ૧ અને ૨ ના એન્વાયરમેન્ટના કોર્ષની ક્રેડિટ પણ ૨ રાખવા અને તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩/૦૨/૨૦૧૫ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬૬</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.કોમ. પ્રોગ્રામના બધા સેમેસ્ટરમાં અંગ્રેજી / હિન્દી/ગુજરાતી વિષયના કોર્ષની ક્રેડીટ ૨ રાખી તથા એફ.વાય.બી.કોમ.ના સેમીસ્ટર ૧ અને ૨ ના એન્વાયરમેન્ટના કોર્ષની ક્રેડિટ પણ ૨ રાખી તેનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.

ક્રમાંક : એકે./પરિપત્ર/૩૨૧૦/૧૫ સહી/–
તા. ૧૦/ ૦૩/૨૦૧૫ કુલસચિવ

પ્રતિ,

૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ
૨) અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, એમ.કોમ. ઈકોનોમીકસના અભ્યાસક્રમ અંગે અર્થશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિએ તેની તા.૦૯–૦૧–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે કરેલી નીચેની ભલામણ વાણિજય વિદ્યાશાખાએ તેની તા. ૨૮–૦૧–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળને કરેલ ભલામણ અનુસ્નાતક શિક્ષણ મંડળે તેની તા.૯–૨–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૪ અન્વયે તેમજ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૩/૦૨/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૩ અન્વયે સ્વીકારેલ છે, જે સિન્ડિકેટે તેની તા.૦૩/૦૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૨ અન્વયે મંજૂર કરેલ હોય તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

<u>અર્થશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા.૦૯–૦૧–૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૬</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, જુન ૨૦૧૫ થી એમ.કોમ. ઈકોનોમીકસનો અભ્યાસક્રમ અમલમાં મુકવામાં આવનાર છે. તેનો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવે છે. અને તે આગળની કાર્યવાહી માટે વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

<u>વાણિજય વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૦</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ વિદ્યાશાખાના એમ.કોમ. પ્રોગ્રામમાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય દાખલ કરવા. વધુમાં તે માટે સેમેસ્ટર–૧ થી સેમેસ્ટર–૪ ના કુલ ૧૨ કોર્ષના અર્થશાસ્ત્રની વિદ્યાઅભ્યાસસમિતિએ મંજૂર કરેલ અભ્યાસક્રમને મંજૂર કરવાનું અને તે મંજૂરી આપી વર્ષ ૨૦૧૫–૧૬ થી તેને અમલી બનાવવા માટેની ભલામણ એકેડેમિક કાઉન્સિલને કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પી.જી. અભ્યાસક્રમમાં પ્રવેશપાત્રતા માટે બી.કોમ., બી.બી.એ., બી.એ. વગેરે જેવી ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ કે જેમણે ઓછામાં ઓછા ૬ (Six) અર્થશાસ્ત્રના કોર્ષીસની પરીક્ષા સ્નાતક કક્ષાએ પાસ કરી હોય તેમને પ્રવેશ માટે પાત્ર ગણવા માટેની ભલામણ બી.યુ.ટી. તથા એકેડેમિક કાઉન્સિલને કરવી.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની સભાની તા. ૯–૨–૨૦૧૫ની ભલામણ ક્રમાંક : ૩૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ વિદ્યાશાખાના એમ.કોમ. પ્રોગ્રામમાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય દાખલ કરવા. વધુમાં તે માટે સેમેસ્ટર–૧ થી સેમેસ્ટર–૪ના કુલ ૧૨ કોર્ષના અર્થશાસ્ત્રની વિદ્યાઅભ્યાસસમિતિએ મંજૂર કરેલ અભ્યાસક્રમને મંજૂર કરવાનું અને તે મંજૂરી આપી વર્ષ ૨૦૧૫–૧૬ થી તેને અમલી બનાવવા માટેની ભલામણને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પી.જી. અભ્યાસક્રમમાં પ્રવેશપાત્રતા માટે બી.કોમ., બી.બી.એ., બી.એ. વગેરે જેવી ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ કે જેમણે ઓછામાં ઓછા ૬ (Six) અર્થશાસ્ત્રના કોર્ષીસની પરીક્ષા સ્નાતક કક્ષાએ પાસ કરી હોય તેમને પ્રવેશ માટે પાત્ર ગણવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩/૦૨/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૮૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજય વિદ્યાશાખાની તા. ૨૮–૦૧–૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૦ અનેઅનુસ્નાતક શિક્ષણ મંડળની સભાની તા.૯–૨–૨૦૧૫ની ભલામણ ક્રમાંક : ૩૪ નો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા. ૦૩/૦૩/૨૦૧૫ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ સભાની તા. ૧૩–૦૨–૨૦૧૫ ના રોજની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૮૩ ને યથાવત મંજૂર કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૩૫૬૯/૧૫ સહી/–

તા. ૧૬/૦૩/૨૦૧૫ કુલસચિવ

પ્રતિ,

૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ

૨) અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા

૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

૪) અનુસ્નાતક વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: <u>પરિપત્ર</u> :–

વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ગુજરાતી વિષયના ટી.વાય.બી.કોમ. ભાષા સાહિત્ય કૌશલ સેમેસ્ટર ૫ અને સેમેસ્ટર ૬ નો અભ્યાસક્રમ ૨૦૧૪–૨૦૧૫ સુધી અમલમાં છે. જે ૨૦૧૫–૨૦૧૬ ના વધુ એક વર્ષ માટે અમલમાં રાખવા ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ ગુજરાતી વિષયની અભ્યાસસમિતિવતી ભલામણ કરેલ છે જે વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી સ્વીકારી જે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૦૫/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪૩ અન્વયે મંજૂર કરેલ છે તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૧/૦૫/૨૦૧૫ની સભાનો ઠરાવ ક્રમાંક:૧૪૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી વિષયના ટી.વાય.બી.કોમ. ભાષા સાહિત્યકૌશલ સેમેસ્ટર ૫ અને સેમેસ્ટર ૬ નો અભ્યાસક્રમ ૨૦૧૪–૨૦૧૫ સુધી અમલમાં છે. જે ૨૦૧૫–૨૦૧૬ ના વધુ એક વર્ષ માટે અમલમાં રાખવા ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ ગુજરાતી વિષયની અભ્યાસસમિતિવતી અને વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી સ્વીકારેલ હોય જે યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૬૭૪૯/૧૫ સહી/–
તા.૦૨/૦૬/૨૦૧૫ કુલસચિવ

પ્રતિ,

૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ
૨) અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: પરિપત્ર :–

વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, દ્વિતીય વર્ષ બી.કોમ. ના પાઠયપુસ્તક અંગે અંગ્રેજી વિષયની અભ્યાસસમિતિએ તેની તા.૨૦–૦૧–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી સ્વીકારેલ છે, જે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧/૦૫/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪૫ અન્વયે મંજૂર કરેલ હોય તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

<u>અંગ્રેજી વિષયની અભ્યાસસમિતિની તા. ૨૦–૦૧–૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટે દ્વિતીય વર્ષ બી.કોમ. ના લીસ્ટ મુજબના કોર કમ્પલસરી અને કોર વિષય માટે પુસ્તકો સ્વીકારવામા આવ્યા હતા.

<u>એકેડેમિક કાઉન્સિલની સભાની તા.૧૧/૦૫/૨૦૧૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૧૪૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬, ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ ના વર્ષ માટે દ્વિતીય વર્ષ બી.કોમ. ના લીસ્ટ મુજબના કોર કમ્પલસરી અને કોર વિષય માટે પુસ્તકો સ્વીકારવામા આવ્યા હતા જે ફેકલ્ટીવતી કોમર્સ ફેકલ્ટીનાં ડીનશ્રીએ સ્વીકાર્યા છે. જેને મંજુર કરી યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે. (યાદી સામેલ છે.)

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૬૭૫૦/૧૫ — સહી/–
તા. ૦૨/ ૦૬/૨૦૧૫ — કુલસચિવ

પ્રતિ,

૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની તમામ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ
૨) અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.